# મારી શાળા શારદામંદિર સાથેના મારા સંસ્મરણો



મારા ક્લિનીક ઉપર શ્રી વિજયભાઈ (આચાર્ય, શારદામંદિર) સાથે મારી મુલાકાત અનાયાસે જ થઈ ગઈ. એમની સેવા કર્યા પછી મેં મારી જાતને ધન્ય માની. હું વિજયભાઈના સંપર્કમાં હતો અને એક દિવસ શ્રી દિનુભાઈ દવે (શારદામંદિરના ભીષ્મ પિતામહ)નો ફોન આવ્યો હતો અને એમની ચામડીની તકલીફ માટે સાહેબને મળવા હું રૂબરૂ તેમના ઘેર ગયો હતો. એમની તકલીફ દૂર કરવાને મેં મારી જિંદગીની એક મોટી જીત ગણી. ૧૯૯૦માં ધોરણ ૧૨ પાસ કર્યા પછી શારદામંદિર સાથે મારો સંપર્ક તૂટી ગયો હતો. થોડી ઘણી વાતો સાંભળવા મળતી હતી પણ ૨૦૧૬ સુધી ક્યારેય સ્કુલે જવાનો મોકો મળ્યો નહતો, અથવા એમ સમજો કે મેં પોતે સ્કુલે જવાનો કોઈ પ્રયત્ન જ કર્યો નહતો.

એક દિવસ વિજયભાઈએ મને ફોન કરી, ઈનામ વિતરણ સમારંભમાં અતિથિવિશેષ તરીકે આવવા આમંત્રણ આપ્યું, જે મેં બહુ સહજભાવે સ્વીકારી લીધું.

તા.૧૬-૨-૧૬ના રોજ સવારે ૮.૪૫ વાગ્યે, આશરે ૨૫ વર્ષ પછી હું શારદામંદિરના કમ્પાઉન્ડમાં દાખલ થયો, જ્યાં વિજયભાઈ ખુદ મને રિસીવ કરવા ઊભા હતા. જૂની યાદો તાજી થઈ ગઈ. એ જ બિલ્ડીંગ, એ જ ઓફિસ, એ જ ક્લાસીઝ અને એ જ રમતગમતનું મેદાન. મારી સાથે બીજા મહેમાનોમાં માનનીય ડો.સૂર્યકાન્ત પટેલ અને આપણી શાળાના ટ્રસ્ટી, શ્રી ઉદયનભાઈ પણ હાજર હતા.

બરોબર ૯ વાગ્યે ઈનામ વિતરણ માટે અમે હોલમાં પ્રવેશ્યા. આ એ જ હોલ છે, જ્યાં જ્યારે અમે ભણતા હતા, ત્યારે દર શુક્રવારે બાલસભા યોજાતી હતી. અને તે વખતે એક સપનું હતું કે મારે પણ એકવાર સ્ટેજ પર જવું છે -પણ નહતી ખબર કે પચીસ વર્ષ પછી આ જ સ્ટેજ પર હું અતિથિવિશેષ તરીકે બેસીશ.

શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉમળકાભેર સ્વાગત કર્યું અને પછી ઈનામ વિતરણ સમારંભની શરૂઆત થઈ. વિદ્યાર્થીઓની ભણવામાં અને રમતગમતમાં સિદ્ધિઓ સાંભળી ખૂબ જ સુખદ લાગણી અનુભવી. આજે પણ આ સ્કુલમાં ભણતર, ગણતર અને ઘડતર એટલું જ સારું થાય છે.

ઈનામવિતરણ સમારંભમાં વિદ્યાર્થીઓને પ્રેરણા મળે, તે માટે મને બોલવા જણાવાયું. ઘણાં પ્રયત્નો પછી મેં મારા અનુભવો ગુજરાતીમાં કહ્યાં. મેં શીખેલી અને શીખવા જેવી કેટલીક વાતો મેં સંક્ષિપ્તમાં કહી, જેનો સાર નીચે પ્રમાણે છે:

૧. મીડીયમ અંગ્રેજી હોય કે ગુજરાતી, જિંદગીમાં આગળ વધવા માટે મીડીયમ વચ્ચે આવતું નથી.

૨. શીખવાની કોઈ ઉંમર હોતી નથી. જીવનમાં આગળ વધવા માટે કંઈ નવું શીખવાની જરૂર વર્તાય, તો ઉંમરની શરમ ન કરવી.

૩. જિંદગીમાં આગળ વધવા માટે દરેકને તક મળે છે. પણ જો એ તક છૂટી જાય, તો ચિંતા ન કરવી કારણકે એ તક ભલે પહેલી હતી પણ છેલ્લી નથી હોતી. પરંતુ તમે જે તકને પકડો, તેને પૂરી રીતે વળગી રહો, તેને છૂટવા ન દેવી.

૪. ભગવાનના ભરોસે ન રહેવાય પણ ભરોસાનું બીજું જ નામ ભગવાન છે. તકલીફમાં તમને મદદ કરનાર એક જ વ્યક્તિ છે -અને તે, તમે પોતે છો.

૫. આ સ્કૂલને સ્કૂલ નહીં, પણ મંદિર તરીકે જોજો. આ પુણ્યભૂમિ છે, જેણે સમાજને ઘણાં ડોક્ટરો, વકીલો, સીએ તેમજ બિઝનેસમેન આપ્યાં છે. આ ભૂમિ પર વિશ્વાસ રાખજો; તમારામાં વિશ્વાસ રાખજો, તો સમાજમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે બહાર આવશો અને શારદામંદિરનું નામ રોશન કરશો.

આભાર.

-ડો.કેયુર બી. શાહ
(સ્કીન સ્પેશીયાલિસ્ટ)
શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી